# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા. 27/04/2014

**અરૂણ જેટલી**

**(વિપક્ષી નેતા, રાજ્યસભા)**

કોંગ્રેસ પક્ષ સંકટમાં છે. તેમનો પક્ષ માત્ર બે આંકડામાં બેઠકો મેળવવા જઈ રહ્યો છે તે કઠોર વાસ્તવિકતા તેઓ સ્વીકારી શકતા નથી. બે આંકડાનો પક્ષ બનવાની વાસ્તવિકતા તેઓએ સ્વીકારવી જોઈએ અને ભવિષ્ય માટેની યોજના ઘડવી જોઈએ. રાજકારણના કેલેન્ડરમાં કોઈ છેલ્લો દિવસ હોતો નથી.

ચિત્તો ક્યારેય  પોતાનું સ્થળ બદલતો નથી. કોંગ્રેસ પક્ષનો જન્મ શાસન કરવા માટે જ થયો હોવાનું તે પક્ષના નેતાઓ માને છે. તેઓ અન્ય પક્ષ અથવા વ્યક્તિની શક્તિને ઓળખી શક્યા નથી, ખાસ કરીને નરેન્દ્ર મોદીની શક્તિની કલ્પના કરવામાં તેઓ અક્ષમ છે. બાર વર્ષ સુધી તેમને ખોટી રીતે ફસાવવાનો પ્રયાસ કર્યો હોવાથી તેઓમાં મોદી અંગે ભયની મનોવિકૃતિ છે. આ કારણોસર જ ગાંધી પરિવારના સભ્યોને નરેન્દ્ર મોદીના ઉલ્લેખથી નફરત છે.

સલમાન ખુરશીદે કોંગ્રેસ ત્રીજા મોરચાને ટેકો આપવા તૈયાર હોવાની વાત કરીને પોતાના પક્ષની હાર સ્વીકારી લીધી છે. સદનસીબે તેમના કિસ્સામાં મળનારી બેઠકોનો આંકડો આવી સોદાબાજીમાં કામ આવે તેવી શક્યતા નથી. મતદારો હવે છળકપટ વૃત્તિઓથી પરિચિત થઈ ગયા છે અને એક નિર્ણાયક પરિણામ આપવા સક્ષમ છે. કોંગ્રેસના ટેકા સાથે ત્રીજા મોરચાની સરકાર રચવાનો વિચાર વારંવાર નિષ્ફળ ગયો છે. સ્પષ્ટપણે આવી વિચારધારાના સંયોજનો સત્તા સુધી પહોંચાડવા ક્યારેય કામ આવતા નથી. ઘણા નેતાઓને રાજકીય અસ્થિરતાનો આનંદ આવે છે. એવા સંજોગોમાં જ તેઓ કેટલીક સુસંગતતાનો દાવો કરી શકે છે. મને ખાતરી છે કે કોંગ્રેસ પક્ષ પણ 'અસ્થિરતાનો સોદાગર' બની નહિ રહે.

**મુદ્દાઓ વિનાના કેપ્ટન**

ચૂંટણી લડવા કેપ્ટન અમરીન્દર સિંહની ક્ષમતાનો પડઘો તેમના નિવેદનો અને કેટલાક પ્રારંભિક સમાચારોમાં પડ્યો છે. તેમાં કેપ્ટનની નબળાઇ ખુલ્લી પડી છે. તેઓ રાષ્ટ્રીય મુદ્દાઓની ચર્ચા કરવામાં અક્ષમ છે. લોકસભાની ચૂંટણીમાં તેઓ વર્તમાન રાજકીય વાતાવરણ સાથે સુસંગત ન હોય એવા બે-ત્રણ મુદ્દાઓ વારંવાર ઊઠાવી રહ્યા છે. તેમાં ઘણી વખત પુનરાવર્તન થાય છે. કેટલાક તબક્કે, તે મુદ્દાઓને સમાચાર કરી મૂકી દેવાય છે. તેઓનું આ અભિયાન નીરસ છે.

કેપ્ટન એવી ફરિયાદ કરી રહ્યા છે કે કેટલાક ખ્યાતનામ નેતાઓ મારા માટે પ્રચાર ઝુંબેશમાં આવે છે. તેઓ સાચા છે. મેં મારા કુટુંબના સભ્યો, રાજકીય મિત્રો અને મારા પક્ષના નેતાઓ માટે ઘણીવાર પ્રચાર અભિયાનમાં ભાગ લીધો છે, અને હવે તેઓ મારા માટે એવું કરી રહ્યા છે. મારા રાજકીય સાથીદારો અને નેતાઓ પણ એવું જ કરી રહ્યા છે. પરંતુ કેપ્ટન તરફી પ્રચારમાં શા માટે કોઈ વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ પ્રચાર ઝુંબેશમાં આવવા તૈયાર નથી ? શું શ્રી આનંદ શર્મા તે બાબતનો વિચાર કરી શકે છે?